


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૮ | એપ્રિલ - ૨૦૨૦ | પત્ર - ૮૭


## "પ્રભુની પાસે જવું" (લૂક ૮; ૨૨-૨૫)

પવિત્રશાસ્ત્રમાં નવા કરારમાં ઉપર દર્શાવેલ શાસ્ત્રવાંચન પ્રમાણે પ્રભુ ઈસુએ સમુદ્રમાં પવનને અને પાણીના મોજાને શાંત કર્યા તે ચમત્કાર જોવા મળે છે. આ ચમત્કાર માથ્થી, માર્ક અને લૂકમાં જોવા મળે છે. આ બનાવમાં સમુદ્રમાં આવેલા તોફાનના સમયે લૂક ૮:૨૪ પ્રમાણે શિષ્યો પ્રભુની પાસે આવે છે અને જણાવે છે કે અમારો નાશ થાય છે.

વિશ્વાસુ જીવનની મુસાફરીમાં આવતી સર્વ પરિસ્થિતમાં 'પ્રભુની પાસે જવું' તે ખૂબ જ આત્મિક રીતે મહત્ત્વની બાબત જોવા મળે છે. શિષ્યોની સાથે પ્રભુ ઈસુ હતા અને શિષ્યો તેમની પાસે જાય છે. આજે પણ પ્રભુ આપણી સાથે છે. આપણે પણ દરેક સમયે તેમની પાસે જનાર વિશ્વાસુઓ બનીએ. હિબ્રુ ૪:૧૬માં લખ્યું છે તે પ્રમાણે દયા પામવાને તથા આગત્યને પ્રસંગે સહાય પ્રાપ્ત કરવા હિંમતથી કૃપાસનની પાસે જનાર બનવું જોઈએ. માથ્થી ૧૧:૨૮માં પ્રભુ ઈસુએ કહ્યું છે કે વૈતરૂ કરનાર અને ભારથી લદાયેલ મારી પાસે આવો. પ્રભુ ઈસુએ આપણને તેમની પાસે જવાનું આમંત્રણ આપ્યું છે.

પ્રભુ ઈસુએ મોજાં અને પવનને શાંત કર્યા ત્યારે શિષ્યોએ કહ્યુંકે આ તે કોણ છે ? શિષ્યો પ્રભુની સાથે રહેતા હતા અને ઘણા ચમત્કારો જોયા હતા. તથા ઉપદેશ પણ સાંભળ્યો હતો છતાં તેઓ પ્રભુ ઈસુ વિષે કહે છે કે આ કોણ છે ? આજે આપણે પ્રભુ ઈસુને ઓળખીએ છીએ અને શિક્ષણ પણ પ્રાપ્ત કરેલ છે. આપણો વિશ્વાસ છે કે પ્રભુ આપણી સાથે છે. આપણા માટે આ પ્રશ્ન નથી કે આ કોણ છે ?

પ્રભુ ઈસુની પાસે જઈએ અને આપણા સર્વ પ્રશ્નો, દુ:ખો, મુશ્કેલીઓ, માંદગીઓ, તકલીફો પ્રભુને જણાવીએ.

યોહાન ૬:૬૮માં પ્રભુ ઈસુને પિતરે કહ્યું કે અમે કોની પાસે જઈએ ? આપણે પ્રભુ ઈસુની પાસે જવાનું છે. જેમની પાસે અનંતજીવન છે તેમની પાસે શાંતિ છે, સાજાપણું છે.

અત્યારના વાતાવરણમાં આપણે પ્રભુની પાસે જઈએ અને સહાય માગીએ.

## માર્ચ મહિનામાં થયેલા કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા. ૧-૩-૨૦ રવિવારની ભજનસેવા ચલાવી અને પ્રભુભોજન પળાવવામાં આવ્યું.
- તા.૬-૩-૨૦ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પાળક મિટીંગ મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ જે. માસ્ટરના જન્મદિવસ પ્રસંગે તેમના તરફથી સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી. આભાર. સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં લેન્ટની મિટીંગ મળી. જેમાં સ્થાનિક ચર્ચ સભ્ય અને કોન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ જે. માસ્ટર અને સ્થાનિક ચર્ચ સભ્ય શ્રી કાંતિભાઈ બી. સોલંકીના જન્મદિવસ પ્રસંગે સર્વ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પુષ્કળ આભાર.
- તા. ૧૪-૩-૨૦ શ્રી ઓનિલભાઈ એ. ગામડીયાના ઘરે રાત્રે લેન્ટની મિટીંગમાં તેઓનો લગ્નદિવસ હોવાથી જમવાની વ્યવસ્થા આપી હતી. પુષ્કળ આભાર.
- તા. ૧૫-૩-૨૦ રવિવારની ભજનસેવા બાદ પાસ્ટરેટ કમિટી મળી.
- તા. ૨૨-૩-૨૦ થી ૩૧-૩-૨૦ના સમય દરમ્યાન કોવિડ-૧૯ના કારણે થયેલ લૉકડાઉનના લીધે ભજનસેવા અને શુક્રવારની સંગત ઑનલાઈન દ્વારા ચલાવવામાં આવી.
- તા. ૨૭-૩-૨૦ લેન્ટ સમયના ૩૧મા શુક્રવારે ચર્ચના સભ્યો પોતાના ઘરે દિવસમાં ૩ વખત (૭-૩૦ થી ૮-૦૦ સવારે, ૨-૦૦ થી ૨-૩૦ બપોરે, ૮-૦૦ થા ૮-૩૦ સાંજના) પ્રાર્થના કરે તેવો કાર્યક્રમ બનાવ્યો. તે પ્રમાણે સર્વ પ્રાર્થનામાં જોડાયા.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ફ્રાન્સિસભાઈ વી.ગોહિલ | લેન્ટ મિટીંગ | ૨૦૦-૦૦ |
| ૨. | શ્રીમતી શાંતાબહેન કે. પરમાર<br>સ્વ. કાળીદાસભાઈના સ્મરણાર્થે | લેન્ટ મિટીંગ | ૨૦૦-૦૦ |
| ૩. | શ્રી ડેનીભાઈ એ. હેરી | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૪. | શ્રીમતી મીનાબહેન એસ. સોલોમન | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૫. | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૬. | કુ. રોમી એ. ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૭. | શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૮. | શ્રીમતી માર્થાબહેન ડબલ્યુ. ક્રિશ્ચિયન | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૯. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૧૦. | શ્રી આલાપભાઈ જે. માસ્ટર | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૧૧. | શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૧૨. | શ્રી શરદકુમાર બી. વાઘેલા | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૧૩. | શ્રીમતી રીટાબહેન જે. કીન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૪. | શ્રીમતી કલ્પનાબહેન વી. ક્રિસ્ટી | લેન્ટ મિટીંગ | ૧૦૦૦-૦૦ |
| ૧૫. | શ્રીમતી ઉર્વીબહેન કે. ટેલર | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૧૬. | શ્રીમતી મેરીબહેન જે. મેકવાન | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૧૭. | કુ. જીની જે. મેકવાન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૮. | શ્રીમતી આગ્નેશબહેન જે. મેકવાન | લેન્ટ મિટીંગ | ૫૦૦-૦૦ |
| ૧૯. | શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ | લેન્ટ મિટીંગ | ૨૦૦-૦૦ |
| ૨૦. | શ્રીમતી ડોરોથીબહેન જે. દાસ | લેન્ટ મિટીંગ | ૧૦૦૦-૦૦ |
| ૨૧. | શ્રીમતી રીનાબહેન જે.દાસ | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૨. | શ્રી ડિક્સનભાઈ એ. હેરી | લેન્ટ મિટીંગ | ૩૦૦-૦૦ |
| ૨૩. | શ્રી ઓનિલભાઈ એ. ગામડિયા | લેન્ટ મિટીંગ | ૨૦૦-૦૦ |
| ૨૪. | શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા | લેન્ટ મિટીંગ | ૧૦૦૦-૦૦ |
| ૨૫. | શ્રીમતી સુશીલાબહેન જી. પરમાર | બર્થ ડે | ૨૦૦-૦૦ |
| ૨૬. | શ્રીમતી કલ્પનાબહેન એસ. મેકવાન | બર્થ ડે | ૧૦૦૦-૦૦ |
| ૨૭. | જોય એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦-૦૦ |
| ૨૮. | જોય એ. ક્રિશ્ચિયન | લેન્ટ મિટીંગ | ૧૦૦૦-૦૦ |
| ૨૯. | શાલીન એસ. માસ્ટર | લેન્ટ દાન | ૨૦૦-૦૦ |

## પ્રાર્થના વિનંતી, જાહેરાત - આભાર

- લેન્ટ મિટીંગમાં હાજરી આપનાર પોતાના ઘરે મિટીંગની વ્યવસ્થા કરી તથા ચા-નાસ્તો, જમવાની વ્યવસ્થા કરી અને દાનો આપ્યા તે સર્વ બદલ સર્વનો પુષ્કળ આભાર.
- પ્રવર્તમાન કોરોના મહામારીના સમયમાં આપણે સર્વ પ્રાર્થનામાં રહીએ.
- ઑનલાઈન વ્યવસ્થામાં દર રવિવારની ભજનસેવા અને શુક્રવારની સંગતને નિહાળશો.
- શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન લેન્ટમીટીંગનો કાર્યક્રમ બનાવી વિગતવાર માહિતી આપતી હતા. તેમનો આભાર.
- શ્રી રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન તરફથી જરૂરિયાત પ્રમાણે LED બલ્બ અને ગાર્ડન પાઈપ પાણી છાંટવા આપેલ છે. આભાર.

## જન્મદિવસ નિમિત્તે ચ્હા-નાસ્તા માટે મળેલ રકમ

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી રોઝમેરી એ. ખ્રિસ્તી | ૫૦૦-૦૦ |
| ૨. | શ્રી માયુષભાઈ એ. રાઠોડ | ૫૦૦-૦૦ |
| ૩. | શ્રી કેનેથ એફ. ટેલર | ૫૦૦-૦૦ |
| ૪. | શ્રીમતી ડોરોથીબહેન જે. દાસ | ૫૦૦-૦૦ |

- " નિત્ય પ્રાર્થના કરો " ૧ થેસ્સા. ૪:૧૭



## નાણાંકીય અહેવાલ ફેબ્રુઆરી-૨૦૨૦

| | | |
|---|---|---|
| તા. ૦૧-૦૨-૨૦૨૦ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૨૫,૮૧૨.૮૮ |
| | બેંકમાં | ૨,૭૯,૨૪૩.૧૫ |
| તા. ૨૯-૦૨-૨૦૨૦ ફેબ્રુઆરી માસની | આવક | ૧,૯૧,૩૧૮.૦૦ |
| | કુલ | ૪,૯૬,૩૭૪.૦૩ |
| તા.૨૯-૦૨-૨૦૨૦ની બંધ સિલક | રોકડ | ૨૦,૫૬૭.૮૮ |
| | બેંક | ૩,૩૬,૭૨૫.૧૫ |
| ફેબ્રુઆરી માસની | જાવક | ૧,૩૯,૦૮૧.૦૦ |
| | કુલ | ૪,૯૬,૩૭૪.૦૩ |

શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન, ટ્રેઝરર